# જાહેરાત ક્રમાંક

સાબરકાંઠા જિલ્લામાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર પ્રોગ્રામ હેઠળ મંજુર થયેલ પેટા આરોગ્ય કેન્દ્રો ખાતેના કોમ્યુનીટી હેલ્થ ઓફિસરની ખાલી રહેલ જગ્યાઓ પર તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત ૧૧ માસ માટે ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની થાય છે. તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની થાય છે. માન્ય લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ તા:૨૧/૦૮/૨૦૨૫થી તા.૩૦/૦૮/૨૦૨૫ સુધીમાં ઓનલાઇન અરજીઓ https://arogyasathi.gujarat.gov.in/ આપેલ લીંક પર કરવાની રહેશે

ઉક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર, ઉચ્ચક માસિક વેતન અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ઉંમર/વય મર્યાદા | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનીટી હેલ્થ ઓફિસર(CHO)<br>કુલ ખાલી જગ્યા – ૦૫ | ૧. CCCH પાસ કરેલ બોન્ડેડ ઉમેદવારોને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે<br>૨. CCCH નો કોર્ષ B.Sc નર્સીંગ તથા પોસ્ટ બેઝીક B.Sc નર્સીંગના કોર્ષમાં જુલાઇ–૨૦૨૦ થી સામેલ કરેલ હોય જુલાઇ –૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સીંગ પાસ થયેલ ઉમેદવારો. | મહત્તમ ૪૦ વર્ષ | રૂ.૩૦૦૦૦/– ફિક્સ + વધુમાં વધુ રૂ.૧૦૦૦૦/– સુધી પરફોર્મન્સ લીંક ઇન્સેન્ટીવ |

<u>ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :</u>

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામા આવશે.આર.પી.એ.ડી.,સ્પીડ પોસ્ટ,કુરીયર કે સાદી ટપાલ દ્રારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.
૨. સુવાચ્ય ઓરીઝનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.
૩. અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
૪. વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ–૩૦/૦૮/૨૦૨૫ ની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવશે.
૫. નિમણૂંક પામેલ ઉમેદવારની અન્ય જીલ્લામાં બદલી થઈ શકશે નહિ.
૬. નિમણૂકને લાગત આખરી નિર્ણય સભ્ય સચિવ, જીલ્લા આરોગ્ય સોસાયટી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.

**સભ્ય સચિવ**
**જીલ્લા આરોગ્ય સોસાયટી અને**
**મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી**
**સાબરકાંઠા જીલ્લા પંચાયત**
**હિંમતનગર**

Signature Not Verified
Signed by : RAJKUMAR BABULAL SUTARIYA
District Panchayat - Sabarkantha
CDHO
Date : 2025.08.13 17:55:12 IST

File No: DPSBRKN/CHOAPPO/e-file/4413/2025/2294/HEALTH
Approved By: CDHO,HEALTH,DPSBRKN
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*